જેલ ખાતાના કર્મચારીઓને રોકડ
પુરસ્કાર આપવા બાબત.

# ગુજરાત સરકાર
## ગૃહ વિભાગ
**ક્રમાંકઃજલમ-૫૦૨૦૧૦-૨૨૭૬-જ**
**સચિવાલય, ગાંધીનગર.**
**તારીખઃ 22 APR 2013**

**વંચાણે લીધાઃ** (૧) જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રી, અમદાવાદના તા.૧૨/૦૫/૨૦૧૦ના પત્ર ક્રમાંકઃવ.અ./૧૨૩૮/૨૦૧૦
(૨) જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રી, અમદાવાદના તા.૨૧/૦૭/૨૦૧૨ના નિમપત્ર ક્રમાંકઃમકમ/ખ/૧/૩૧૭૭/૨૦૧૨.

**ઠરાવઃ**

મુંબઇ જેલ મેન્યુઅલના નિયમ ૨૫૪ અનુસાર જેલ ખાતામાં વર્ગ-૩ સંવર્ગના ગાર્ડીંગ સ્ટાફને તેમની ફરજ નિષ્ઠા માટે અપવાદરૂપ અને વિશિષ્ટ કામગીરી માટે રોકડ પુરસ્કાર આપવાની જોગવાઇમાં સુધારો કરી જેલ ખાતામાં એકઝીકયુટીવ કામગીરી સંભાળતા જેલર ગૃપ-૧(વર્ગ-૨)થી નીચેના દરજ્જાના વર્ગ-૩ સંવર્ગના અધિકારી/કર્મચારીઓને તેમની ફરજ પ્રત્યેની નિષ્ઠા, સભાનતા અને જાગૃતિ આવે તે માટે તેઓની વિશિષ્ટ પ્રકારની કામગીરીને બિરદાવવા પોલીસ ખાતાની જેમ રોકડ પુરસ્કાર મંજૂર કરવાની જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી દ્વારા આમુખમાં દર્શાવેલ ક્રમાંકઃ(૧) અને (૨)થી કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીમાં વિચારાધિન હતી. પ્રસ્તુત દરખાસ્ત બાબતે કાળજીપૂર્વકની વિચારણા બાદ જેલ ખાતાના એક્ઝીક્યુટીવ સંવર્ગમાં ફરજ બજાવતા જેલર ગુપ-૧(વર્ગ-૨)થી નીચેના વર્ગ-૩ સંવર્ગના કર્મચારી/અધિકારીઓને તેઓની વિશિષ્ટ અને ખરેખર અપવાદરૂપ ગણી શકાય તેવી કામગીરી માટે જેલ ખાતાના IPS/GPS સંવર્ગના નીચે દર્શાવ્યા મુજબના અધિકારીઓને પ્રોત્સાહન રૂપે રોકડ ઇનામ મંજૂર કરવાની સત્તા આપવામાં આવે છે.

| ઇનામ મંજૂર કરનાર અધિકારી | કેસ દીઠ વધુમાં વધુ | વ્યક્તિ દીઠ વધુમાં વધુ |
|---|---|---|
| ૧. જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રી તેમજ પોલીસ મહાનિરીક્ષકશ્રી(જેલ) | રૂ.૨૫,૦૦૦ | રૂ.૫,૦૦૦ |
| ૨. મધ્યસ્થ જેલ તથા પોરબંદર ખાસ જેલના અધિક્ષકો(IPS/GPS સંવર્ગના) | રૂ.૧૫,૦૦૦ | રૂ.3,000 |

૨. ઉપર મુજબના ઇનામો ખરેખર અપવાદરૂપ અને વિશિષ્ટ કામગીરી માટે જ આપવાના રહેશે.

3. રોકડ ઇનામ આપવાની સત્તામર્યાદા સંબંધિત નાણાકીય વર્ષના મંજૂર થયેલ અનુદાનની મર્યાદામાં રહેશે.

૪. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૦૫/૦૪/૨૦૧૩ની નોંધથી મળેલ સંમતિ અન્વયે કરવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(દિલીપ જી. સોની)
નાયબ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- મહામહિમ રાજ્યપાલશ્રીના સચિવશ્રી **(ટપાલ દ્વારા)**
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- સચિવશ્રી(ગૃહ)ના રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉટન્ટ જનરલશ્રી, ગુજરાત, રાજકોટ/અમદાવાદ.
- એકાઉટન્ટ જનરલશ્રી, (એ&ઈ) ગુજરાત, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી
- સર્વે જેલ અધિક્ષકશ્રી**(જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રી મારફતે)**
- સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ.
- સિલેક્ટ ફાઇલ,